# Fun with Family

Day-61 | 29 May, 2020



## “FWF Song”

ઘોડો દોડે તબડક તબડક,
પાછળ બગી દડબડ દડબડ;
કરશો નહીં કાંઈ ગડબડ ગડબડ...
આજુ જાવ બાજુ જાવ, વચમાંથી આઘા ખસી જાવ;
આવી રહી છે પાસે તમારી,
**Fun with Family** ની સવારી...





## “My Mango”

ઉનાળામાં જેનું નામ સાંભળી તમારા મોઢામાં
પાણી આવી જાય તે કઈ વસ્તુ છે..?
‘કેરી’ બરાબરને..?!!
આજે આપણે ઘરમાં જ કેરી બનાવીશું...
લીંક દબાવો અને શીખો.

https://bit.ly/2MjNtpX

## ‘‘બાબાગાડી’’

ચાલો, એક મજેદાર રમત રમીએ...
લીંક દબાવો અને રમત શીખો.

https://bit.ly/3cbXwI2



## "ક્રિકેટ ક્રિકેટ"

મિત્રો, વર્ષોથી આપણે ક્રિકેટ તો રમીએ જ છીએ... ચાલો, આજે તે ક્રિકેટમાં વપરાતું બેટ કઇ રીતે બને છે? તે જોઇએ...
લીંક દબાવો અને વિડીયો માણો.

https://bit.ly/3eE2mQ3





## "વારતા રે વારતા"

Friends, હવે સમય થઇ ગયો છે વાર્તાનો...
જલ્દી જલ્દી લીંક દબાવી નવી વાર્તા માણો.

https://bit.ly/2ZHcYcx

## "Mango Family"

https://bit.ly/2Xbojjk

બાળમિત્રો, કેરીનો પરિવાર બ....હુ મોટો છે. ચાલો, આજે તેની માહિતી મેળવીએ. તમે આશ્ચર્યચકિત થઇ જશો. લીંક દબાવો અને જાણો.





## "હાલક ડોલક"

તૈયાર થઈ જાઓ...
પરિવારના દરેક સભ્ય
આ રમત રમી શકશે...
લીંક દબાવો અને રમત શીખો.

https://bit.ly/2M54SCt

## "રક્ષા કરો..."

બાળમિત્રો, અહીં આપેલી પ્રાર્થના ધ્યાનથી વાંચીશું...



બાળકો અમે નાના નાના,
કરીએ પ્રભુને કાલાવાલા;
પ્રાર્થના અમારી પ્રભુ સ્વીકારો,
કોરોનાને હવે ઝટ ભગાડો.
વિશ્વાસ તમ પર અમને છે પૂરો,
તમ વિના નથી બીજો સહારો.
રક્ષા કરો... રક્ષા કરો... પ્રભુ રક્ષા કરો...



બાળમિત્રો, આ સુંદર પ્રાર્થના મુખપાઠ કરીને ઠાકોરજી પાસે હાથ જોડી, આંખ બંધ કરીને બોલીશું... અને હા... પરિવારના બધા સભ્યો ભેગા થઈને આવી એક પ્રાર્થના લખીને અમને મોકલી આપો... જોઈએ કયા પરિવારની પ્રાર્થનામાં 'ભાવ' ભરેલો છે...

# "My Guru, My Life"

બાળમિત્રો, દર વર્ષે ઉનાળામાં એક મહિના માટે
ઠાકોરજીની પંચધાતુની મૂર્તિને ચંદનના વાઘા ભક્તિરૂપે પહેરાવવામાં
આવે છે... ચાલો, આજે ઠાકોરજીના ચંદનના વાઘાના દર્શન કરીએ...
લીંક દબાવો અને દર્શન કરો...

https://bit.ly/3etC2be




" Happy Family "
Duck Family

If you want to become...

Best Student & Best Child

then wait for...



# Bet you didn't know



If a goldfish is kept in the dark, it sometimes turns itself white.



The Australian **Lyrebird** can mimic car alarms



Yuma, Arizona, is the **sunniest place** in the United States

**Ladybugs** might play dead when threatened



**Japanese macaques** sometimes **play with snowballs**

It took about **2.6 Million** people to build



Japan's **Todaiji Temple** in the 8th **century A.D.**



A meteor crater in **South Africa** is wider than Ireland



Children in **Ancient Rome** played a game similar to **Leapfrog**

An interrobang combines a **question mark** with an **exclamation point**

# ''જાદુઈ સંખ્યા - ૧૦૮૯''

**ગણિતમાં ૧૦૮૯ ની સંખ્યા જાદુઈ કહેવાય છે. ચાલો એનો જાદુ જોઈએ...
ખરેખર તો બીજી દરેક સંખ્યાની જેમ એ એક સામાન્ય સંખ્યા જ છે,
પરંતુ તેની સાથે આશ્ચર્યકારક એવી ગણતરી થઈ શકે છે. આ કરી જુઓ :**

૧. જેમાં શૂન્ય ન આવતું હોય તેવી 3 આંકડાની સંખ્યા લો.
આ સંખ્યાના પહેલા અને છેલ્લા અંક વચ્ચે ઓછામાં ઓછો ૨(બે)નો તફાવત હોવો જોઈએ. (ધારોકે ૧૨૩)

૨. હવે આ સંખ્યાને ઉલટાવી નાખો. (૩૨૧)

૩. હવે બંનેમાં મોટી સંખ્યામાંથી નાની સંખ્યા બાદ કરી નાખો.
(૩૨૧-૧૨૩ = ૧૯૮)

૪. આ જવાબને ફરી ઉલટાવી નાખો. (૮૯૧)

૫. આ ઉલટાવેલા જવાબને મૂળ જવાબમાં ઉમેરી દો. (૮૯૧ + ૧૯૮)

૬. જવાબ ૧૦૮૯ આવ્યો ?

**ઉપર કહી શરતોનું પાલન કરતી કોઈપણ ત્રણ આંકડાની સંખ્યાને
આ મુજબ ગણતા જવાબ ૧૦૮૯ જ આવશે.**



# ‘‘બનો અંતર્યામી’’

**તમારા મિત્રને ૧ થી ૯ વચ્ચેની કોઈપણ સંખ્યા ધારવા કહો.**

૧. ત્યાર બાદ તેને બમણી (ડબલ) કરવાનું કહો.

૨. પછી તેમાં ૨૨ ઉમેરાવડાવો.

૩. આવેલ રકમને ૨ વડે ભાગવા કહો.

૪. મળેલ જવાબમાંથી ધારેલી રકમ બાદ કરવા કહો.

૫. હવે કહી દો કે જવાબ હશે : ૧૧

**દા.ત. :**

**મિત્ર ૨ ધારે છે...**

**સ્ટેપ-૧ : ૨ × ૨ = ૪**

**સ્ટેપ-૨ : ૪ + ૨૨ = ૨૬**

**સ્ટેપ-૩ : ૨૬ - ૨ = ૧૩**

**સ્ટેપ-૪ : ૧૩ - ૨ = ૧૧**



# "જેવું કરો તેવું પામો"




એક ગામમાં મોટું ધર્મક્ષેત્ર (ધાર્મિક ટ્રસ્ટ) હતું. ત્યાં એક જાહેરાત લગાવી હતી: જેટલીવાર ભગવાનનું નામ લખીને આપશો તેટલા રૂપિયા મળશે. લોભી લલ્લુએ આ જાહેરાત વાંચી. લલ્લુ હંમેશાં ઓછી મહેનતે વધુ પૈસા કમાવાના વિચાર કર્યા કરતો.



તેણે વિચાર્યું, 'વાહ ! ઘણી સરસ ઓફર છે! ઓછી મહેનતે ઝાઝું કમાવા કંઈક ઉપાય કરવો પડશે. તેણે અંદર જઈને જોયું. કેટલાક જરૂરિયાતવાળા ભક્તો આ યોજનાનો લાભ લેતા હતા. આમ, ભગવાનનું નામ પણ લેવાતું અને તેમને પૈસા પણ મળતા.



લલ્લુ ફટાફટ ઘરે ગયો. તેણે એક પાના પર ભગવાનનું નામ લખવાની શરૂઆત કરી. ૧૦૦ નામ લખવામાં તો તેને જાણે ડુંગર ચઢવો પડ્યો હોય, તેટલો થાક લાગ્યો. તેણે એક ટૂંકો રસ્તો શોધી કાઢ્યો. તે એક પાનાની ૧,૦૦૦ ઝેરોક્ષ કરાવી લાવ્યો. આ રીતે તેણે ૧,૦૦,૦૦૦ નામ તૈયાર કરી દીધાં.


બીજા દિવસે કાગળની થપ્પી લઈ તે ધર્મક્ષેત્રમાં પહોંચ્યો. તેણે લખેલાં નામ વ્યવસ્થાપક બહેનને આપ્યાં. અને તે બદલ ૧,૦૦,૦૦૦ રૂપિયાની માંગણી કરી. વ્યવસ્થાપક બહેને લખેલાં નામોની બરાબર ચકાસણી કરી. તે બહેન લલ્લુની ચાલાકી અને લોભી સ્વભાવ પળવારમાં પારખી ગયાં.



તેમણે ૧૦૦ રૂપિયાની એક નોટ કાઢીને લલ્લુને આપી. લલ્લુએ કહ્યું, ‘પણ મેં તો તમને એક લાખ નામ લખીને આપ્યાં છેને ! જાહેરાત પ્રમાણે લાખ રૂપિયા આપો.’ પેલાં બહેને કહ્યું, ‘હું પણ તમને લાખ રૂપિયા જ આપું છું. જ્યાં તમે આ ૧૦૦ નામોની ૧,૦૦૦ ઝેરોક્ષ કરાવી લાવ્યા, ત્યાં આ સો ની નોટની પણ ઝેરોક્ષ કરાવી લેજો. પછી થઈ જશેને તમે લખેલાં નામો જેટલા રૂપિયા !’




લોભી લલ્લુ શું બોલે ! તેણે ટૂંકા રસ્તે રૂપિયા કમાવાના વિચારો છોડી દીધા. આળસ તથા કામચોરી છોડી દઈ ખૂબ મહેનત કરી રૂપિયા કમાવાનો નિશ્ચય કર્યો. અને ટ્રસ્ટનાં બહેન સામે પોતે કરેલી ભૂલ બદલ દિલગીરી વ્યક્ત કરી.




**બોધ : ટૂંકા રસ્તે રૂપિયા કમાવાના વિચારો ન કરવા. જેટલી મહેનત કરીશું તેટલું ફળ ભગવાન જરૂર આપશે. સત્સંગ પૈસાની લાલચે ક્યારેય ન કરવો. કેવળ કલ્યાણ માટે કરવો.**


# Shabari's Devotion to Ram


Shabari was a great devotee of Bhagwan Ram. She was a woman of humble origin. She served in the ashram of Matanga Rishi. The ashram was situated on the banks of the Lake Pampa in south India. Shabari waited for a long time for the darshan of her beloved Lord.




The big day arrived. Ram and his brother Laxman came to the ashram. Ram knew of Shabari's devotion to him. His purpose in coming to the ashram was to give her darshan.


She prostrated before him and offered both of them the wild berries which she had lovingly collected. But, before giving them to Ram, she tasted each berry. She gave him only the sweet and ripe ones and threw away the others.


Bhagwan Ram gracefully accepted the half-eaten berries of Shabari. Seeing her love and devotion Ram was pleased upon her. God always looks at the spirit in which an offering is made to him.


















**Friends, આપને ખૂબ જ આનંદ થશે કે...**
**"Fun with Family" ની બધી activity દેશ-વિદેશમાં**
**રહેતા આપણા બાળમિત્રો ખૂબ જ સારી રીતે કરી રહ્યા છે...**
**તો આવો... તે સૌ બાળમિત્રોએ અને તમે મોકલેલા**
**ફોટોગ્રાફ્સને જોઈએ અને આનંદ કરીએ...**
**નીચેની લીંક દબાવવાથી આપ તે બધા જ ફોટોગ્રાફ્સ જોઈ શકશો.**

https://bit.ly/2M65QhN



# આપનો ડૉક્ટર મિત્ર

## અને હા...
## આટલું તો ખાસ ધ્યાન રાખીશું...



**ઉધરસ/છીંક આવે તો રૂમાલ રાખીને ખાશો.**



**ઘરમાં એકબીજા સભ્યોથી દૂર રહો.**



**દર ૨૦ મિનિટે સાબુથી ઘસીને હાથ ધોઈ નાંખશો.**



**ઘરની બહાર નીકળવું નહિ.**



**આંખ, મોઢું, નાકને સ્પર્શ કરવાનું ટાળો.**

નોંધ : બાળમિત્રો, આપના દ્વારા થતી પ્રવૃત્તિના સુંદર ફોટોગ્રાફ્સ રોજ અમને પ્રાપ્ત થાય છે. જ્યારે આપ ફોટા મોકલો ત્યારે **નીચેની લીંક** પર જે રીતે માર્ગદર્શન આપવામાં આવ્યું છે તે જ રીતે ફોટા મોકલશો. ફોટાની અંદર જ **તમારે તમારું નામ અને શહેરનું નામ** લખીને મોકલવાનું રહેશે. જો તે પ્રમાણેનો ફોટો નહીં હોય તો અહીં **મૂકવામાં આવશે નહીં.** તેની અવશ્ય નોંધ લેશો. (**9998999209**)

https://bit.ly/2UF4j7o

**વિશેષ નોંધ : ૧. એક્ટિવિટી દીઠ એક જ ફોટોગ્રાફ મોકલવો.**
**૨. આજની એક્ટિવિટી સિવાયની અન્ય બીજી કોઈ એક્ટિવિટી તે પ્રવૃતિના ફોટોગ્રાફ્સ મોકલીશું નહિં.**

**જય સ્વામિનારાયણ**

http://kids.baps.org | https://www.baps.org

**પ્રયોજક : બાળપ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલય, બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા, અમદાવાદ.**
**પ્રેરક : પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજ**